**આશ્રમશાળાઓમાં પ્રવેશ વખતે કસોટી/તપાસ ઉપર પ્રતિબંધ.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:** TDD/FDD/e-file/25/2024/0475/GH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:**

(૧) " ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૩(૧) અને કલમ-૩૮
(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા.૧૬/૦૫/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: આવિ/આશા/ફા.નં. ૩૦૬૦/૨૦૨૪/૩૨૬૩

**આમુખ:-**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં " ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. આ કાયદાની કલમ-૧૩(૧)માં નીચે મુજબ જોગવાઇ છે.

"કોઈપણ શાળા અથવા વ્યકિત શાળામાં બાળકને દાખલ કરતી વખતે કોઈપણ પ્રકારની Capitation Fee વસુલ કરશે નહિ અને શાળામાં પ્રવેશ માટે બાળક અથવા તેના માતા-પિતા/વાલીને તપાસ કે ઇન્ટરવ્યુમાંથી પસાર કરશે નહિ."

આ કલમની જોગવાઈઓનો ઠરાવ કરી તેનો અમલ કરવા તમામ આશ્રમશાળાઓને જાણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

ભારત સરકાર દ્વારા આમુખ (૧)માં દર્શાવવામાં આવેલ "The Right of Children to free and Compulsory Education Act 2009" ની કલમ-૧૩(૧) અન્વયે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) આશ્રમશાળાઓમાં બાળકોના પ્રવેશ વખતે વિદ્યાર્થીઓ/વાલીઓની કસોટી તપાસ કે ઇન્ટરવ્યુ લઇ શકાશે નહિ.

(૨) આશ્રમશાળામાં પ્રવેશ વખતે શાળાઓ દ્વારા પારદર્શક અને સુઘડ ( Fair) પ્રક્રિયા અપનાવવાની રહેશે.

(3) આશ્રમશાળાઓમાં બાળકોને પ્રવેશ આપવા માટે સામાન્ય યાદી તૈયાર કરવાની રહેશે. તેમજ આશ્રમશાળામાં પ્રવેશ મેળવવા માટેનુ અરજી ફોર્મ આપવામાં કોઈપણ પ્રકારનો ઇન્કાર કે અવરોધ પણ આ કલમનો ભંગ ગણાશે. દરેક શાળાએ પ્રવેશ ફોર્મ જે માતા-પિતા/વાલી ઇચ્છે તેને ફરજીયાત કોઈપણ પ્રકારની પૂછપરછ વગર આપવાનો રહેશે અને ભરેલા ફોર્મસ સ્વીકારવાના રહેશે.

(૪) શાળા દ્વારા ઉપર જણાવેલ જોગવાઈનું ઉલ્લંઘન કરવાનું માલૂમ પડશે(સાબિત થશે) તો તેવી શાળા સામે પ્રથમ વખતના ઉલ્લંઘન માટે રૂ.૨૫,૦૦૦/- સુધી અને તે પછીના પ્રત્યેક ઉલ્લંઘનના પ્રસંગે રૂ.૫૦ ,000/- જેટલો દંડ કરવામાં આવશે.

આ ઠરાવનો અમલ તમામ આશ્રમશાળાઓ , ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે જૂન-૨૦૨૪ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:08:29 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**(પી.એમ.પટેલ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આશ્રમશાળા)-(કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવવાની વ્યવસ્થા કરવા સારુ
- શાખા સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:08:29 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*